# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં પ્રથમ રાષ્ટ્રીય મધ્યસ્થી પરિષદનું ઉદ્ઘાટન કરશે

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં અંગોલાના રાષ્ટ્રપતિ લોરેન્સિયો સાથે પ્રતિનિધિ મંડળ સ્તરની વાટાઘાટો કરશે

3) મુંબઈમાં વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈન મેન્ટ સમિટ-વેવ્સ 2025માં આજે કોમ્યુનિટી રેડિયો પર રાષ્ટ્રીય પરિષદ યોજાશે

4) ભારતના વિદેશી હૂંડિયામણ ભંડારમાં 25 એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહમાં એક અબજ 98 કરોડ ડોલરનો વધારો

5) ઓસ્ટ્રેલિયામાં સંસદીય ચૂંટણી માટે ચાલી રહેલું મતદાન

6) 2024-25 માટે અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘ એવોર્ડ્સ એનાયત કરાયા

..............................................................................

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PREZ-MEDIATION CONFERENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં પ્રથમ રાષ્ટ્રીય મધ્યસ્થી પરિષદનું ઉદ્ઘાટન કરશે. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જુનરામ મેઘવાલ પણ આ પરિષદને સંબોધિત કરશે. આ કાર્યક્રમનું આયોજન એટર્ની જનરલના કાર્યાલય દ્વારા કાયદા અને ન્યાય મંત્રાલયના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.

મીડિયા સાથે વાત કરતા, એટર્ની જનરલ આર વેંકટરામણીએ જણાવ્યું હતું કે આ પરિષદ મધ્યસ્થી પ્રક્રિયાની ચર્ચા કરવા અને શ્રેષ્ઠ પ્રથાઓના આદાન પ્રદાન માટે મોટી સંખ્યામાં મધ્યસ્થી અને મધ્યસ્થી સંસ્થાઓને એકત્ર કરશે.
આકાશવાણી સાથે વાત કરતા, કાયદા અને ન્યાય મંત્રાલયના સંયુક્ત સચિવ અજય અરોરાએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો હેતુ કોર્ટમાં પેન્ડિંગ કેસોની સંખ્યા ઘટાડવા માટે અરજદારોને મધ્યસ્થી પ્રક્રિયાને અનુસરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

# PM MODI-ANGOLA PREZ VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં અંગોલાના રાષ્ટ્રપતિ જોઆઓ મેન્યુઅલ ગોન્સાલ્વિસ લોરેન્સિયો સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે. વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા અંગે વાતચીત બાદ બંને દેશો વચ્ચે અનેક કરારો પર હસ્તાક્ષર થવાની શક્યતા છે.

અંગોલાના રાષ્ટ્રપતિ ગઈકાલે ભારતની ત્રણ દિવસીય મુલાકાતે નવી દિલ્હી પહોંચતા વિદેશ રાજ્યમંત્રી કીર્તિવર્ધન સિંહ દ્વારા તેમનું સ્વાગત કરવામાં

આવ્યું હતું. તેમની સાથે મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, ઉદ્યોગપતિઓ અને મીડિયા સહિત ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ

(બાઈટ – અનુપમ મિશ્રી)

# AMIT SHAH-DRUGS

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો NCBના અમૃતસર ઝોનલ યુનિટે ચાર રાજ્યોમાં ચાર મહિનાના લાંબા ઓપરેશન બાદ ડ્રગ્સની દાણચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ઓપરેશનમાં 547 કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા અને 15 લોકોની ધરપકડ કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં NCBને અભિનંદન આપતા શ્રી શાહે કહ્યું કે ભારત ડ્રગ્સની દાણચોરી પર ઝડપી ગતિએ કાર્યવાહી કરી રહ્યું છે. તેમણે કાર્યવાહીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ભારતને ડ્રગ્સ મુક્ત બનાવવાના વિઝનને સાકાર કરવા તરફ એક મોટું પગલું ગણાવ્યું.

# WAVES SUMMIT-COMMUNITY RADIO

મુંબઈમાં વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ-વેવ્સ 2025 ના ત્રીજા દિવસે આજે કોમ્યુનિટી રેડિયો પર રાષ્ટ્રીય પરિષદ યોજાશે. તેમાં નવીનતમ વલણો, નીતિઓ અને કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવશે. તેનો

ઉદ્દેશ્ય લોકોને સશક્ત બનાવવાનો અને સ્થાનિક સમુદાય સાથે વધુ અસરકારક રીતે જોડાવાની ક્ષમતા વધારવાનો છે. તે કોમ્યુનિટી રેડિયો સ્ટેશનોને એકબીજા સાથે જોડાવા, શીખવા અને શ્રેષ્ઠ પ્રથાઓના આદાન પ્રદાન માટે એક પ્લેટફોર્મ પણ પૂરું પાડશે. આ કાર્યક્રમ માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશનના સહયોગથી આયોજિત કરવામાં આવી રહ્યો છે.

દરમિયાન માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી એલ. મુરુગન આજે "ઈન્ડિયાઝ લાઈવ ઈવેન્ટ્સ ઈકોનોમી: અ સ્ટ્રેટેજિક ગ્રોથ ઈમ્પેરેટિવ" નામનું પ્રથમ શ્વેતપત્ર બહાર પાડશે. આ શ્વેતપત્ર ભારતના ઝડપથી વિકસતા જીવંત પ્રસારણ મનોરંજન ઉદ્યોગનું વ્યાપક વિશ્લેષણ રજૂ કરે છે. તે ઉભરતા વલણો, વિકાસના માર્ગો અને ક્ષેત્રના સતત વિકાસ માટે મુખ્ય ભલામણોને પ્રકાશિત કરે છે. WAVES દરમિયાન મીડિયા અને મનોરંજન ક્ષેત્ર 2024-25 પર એક આંકડાકીય પુસ્તિકા પણ બહાર પાડવામાં આવશે.

## WAVES SUMMIT-CREATE IN INDIA CHALLENGE

મુંબઈમાં વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ કોન્ફરન્સ-વેવ્સ 2025 માં ક્રિએટ ઇન ઇન્ડિયા ચેલેન્જનું પહેલું સત્ર ગઈકાલે પૂર્ણ થયું. જે અંતર્ગત 32 વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું. જેમાં એનિમેશન, ગેમિંગ, ફિલ્મ નિર્માણ, મિકેનિકલ એન્જિનિયરિંગ, સંગીત અને ડિજિટલ આર્ટ્સ સહિત મીડિયા અને મનોરંજન ઉદ્યોગના દરેક ક્ષેત્રને આવરી

લેવામાં આવ્યું હતું. 60 થી વધુ દેશોના એક હજારથી વધુ આંતરરાષ્ટ્રીય સહભાગીઓ સાથે આ સ્પર્ધાઓ માટે એક લાખથી વધુ લોકોએ નોંધણી કરાવી.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે સર્જનાત્મક ક્ષેત્રમાં પ્રથમ વખત એવોર્ડ આપવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે આ પહેલ સાથે, સર્જકો નવી તકોની દુનિયામાં પ્રવેશ કરી રહ્યા છે. વેવ્સે યુવા સર્જકોને તેમની પ્રતિભા દર્શાવવાની તક પૂરી પાડી છે.

માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી એલ. મુરુગને કહ્યું કે આ પ્લેટફોર્મ યુવા પ્રતિભાઓને સર્જનાત્મકતાને ટેકનોલોજી સાથે જોડવાનું એક સુંદર ઉદાહરણ છે. અનરિયલ સિનેમેટિક્સ ચેલેન્જ શ્રેણીના એનિમેશનના વિજેતા સંજય સેન્થિલ કુમારે આકાશવાણી સમાચાર ને જણાવ્યું હતું કે વેવ્ઝ તરફથી તેમને મળેલી માર્ગદર્શન તેમને અસરકારક કલાકાર અને 3D પત્રકાર બનવાના તેમના સ્વપ્નને સાકાર કરવામાં મદદ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# FOREX RESERVES

ભારતના વિદેશી હૂંડિયામણ ભંડારમાં 25 એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહમાં એક અબજ 98 કરોડ ડોલરનો વધારો થયો છે અને તે છ ખરબ 88 અબજ 13 કરોડ ડોલર થઈ ગયો છે.

રિઝર્વ બેંકના સાપ્તાહિક પૂરક માહિતી અનુસાર, ગયા સપ્તાહે વિદેશી ચલણ સંપત્તિમાં બે અબજ 17 કરોડ ડોલરનો વધારો થયો છે અને તે પાંચ ખરબ 80 અબજ 60 કરોડ ડોલર પર પહોંચી ગઈ છે. આ દરમિયાન, સ્પેશિયલ ડ્રોઇંગ રાઇટ્સ SDR માં પણ 2 કરોડ 10 લાખ ડોલરનો વધારો થયો છે અને તે વધીને 18 અબજ 59 કરોડ ડોલર થઈ ગયો છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળમાં રિઝર્વ બેંકનું સ્થાન વીસ લાખ ડોલર વધીને ચાર અબજ 51 કરોડ ડોલર થઈ ગયું છે, જોકે સોનાના ભંડારમાં બે કરોડ 70 લાખ ડોલરનો ઘટાડો થયો છે અને તે ઘટીને 84 અબજ 37 કરોડ ડોલર થઈ ગયો છે.

# AUSTRALIA POLLS

ઓસ્ટ્રેલિયામાં સંસદીય ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ 150 બેઠકો અને સેનેટની 76 માંથી 40 બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે.

શાસક લેબર પાર્ટીના વર્તમાન પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ બીજા કાર્યકાળ માટે ફરીથી ચૂંટણી લડી રહ્યા છે. તેમનો મુકાબલો કન્ઝર્વેટિવ લિબરલ-નેશનલ ગઠબંધનના નેતા પીટર ડટન સામે છે. આ ઉપરાંત ગ્રીન્સ પાર્ટીના નેતા એડમ બેન્ડટ પણ ચૂંટણી મેદાનમાં છે. મોટી સંખ્યામાં નાના પક્ષો પણ

ચૂંટણી લડી રહ્યા છે.સત્તાવાર પરિણામોમાં ઘણા દિવસો લાગી શકે છે. નવ વર્ષ પછી 2022 માં લેબર પાર્ટી સત્તામાં પાછી આવી હતી.

# FOOTBALL AWARDS 2025

ભુવનેશ્વરમાં ગઇકાલે વર્ષ 2024-25 માટે અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘ એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યાહતા. સુભાષિષ બોઝને વર્ષના શ્રેષ્ઠ પુરુષ ખેલાડી અને સૌમ્યા ગુગુલોથને શ્રેષ્ઠ મહિલા ખેલાડી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપરાંત ખાલિદ જમીલને શ્રેષ્ઠ પુરુષ કોચ અને સુજાતા કરને શ્રેષ્ઠ મહિલા કોચ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. વિશાલ કૈથે શ્રેષ્ઠ પુરુષ ગોલકીપર અને એલંગબામ પંથોઈ ચાનુએ શ્રેષ્ઠ મહિલા ગોલકીપરનો એવોર્ડ જીત્યો હતો. બ્રાયસન ફર્નાન્ડિસે પ્રોમિસિંગ પુરુષ ખેલાડી અને તોઈજામ થોઈબિસ્ના ચાનુએ પ્રોમિસિંગ મહિલા ખેલાડીનો એવોર્ડ જીત્યો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

1) આજના મોટાભાગના અખબારોમાં ઉત્તર ભારતમા આભ ફાટ્યું અને ભારતે પાકિસ્તાન પર કરેલી ફાયનાન્સિઅલ સ્ટ્રાઈકના સમાચાર જોવા મળી રહ્યા છે.
2) ઉત્તર ભારતમાં આંધી સાથે ધોધમાર વરસાદ- 10નાં મોત – અને ભારત પાણી બાદ પાક.નું ફંડ રોકશે આઈએમએફ, એફએટીએફના સંપર્કમાં આ હેડલાઈન બનાવી છે ગુજરાત સમાચારે
3) દિવ્ય ભાસ્કર લખે છે કે ઉત્તર ભારતમા ભારે વરસાદથી 7નાં મોત , દિલ્હીના રસ્તાઓ જળમગ્ન
4) નવગુજરાત સમયની હેડલાઈન છે દિલ્હી સહીત ઉ.ભારતમાં વાવાઝોડા સાથે વરસાદ, 10 મોત
5) સંદેશ અખબારના પહેલા પાનાં પર નેશનલ હેરાલ્ડ કેસ: સોનિયા- રાહુલને નોટિસના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
6) ફુલછાબ લખે છે કે પહલગામ હુમલામાં પાક. સેનાનું પીઠબળ હતું.
7) રાજસ્થાન પત્રિકાની હેડલાઈન છે પીઓકેમેં ઈમરજન્સી કે હાલાત, રાશન દવા જમા કરને કે નિર્દેશ
8) સ્થાનિક અખબારોમાં આજથી 6 દિવસ સુધી માવઠું પડવાના સમાચાર અને બીજા મહત્વના સમાચારો જોવા મળી રહ્યા છે...
9) ગુજરાતમાં આજથી 6 દિવસ માવઠાની આગાહી, રાજ્યમાં વિવિધ વિસ્તારોમાં 6 દિવસ સુધી માવઠાની આગાહી, ચંડોળા ફરતે 1.5 લાખ ચો.મી જમીન ખુલ્લી કરાઈ, ડિમોલિશન યથાવત જ રહેશે..બાંગ્લાદેશીઓનો આશ્રયદાતા લલ્લા બિહારી અંતે રાજસ્થાનથી પકડાયો હોવાના સમાચાર વાંચવા મળી રહ્યાં છે.